સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે
રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન
ભોજન યોજના અંતર્ગત ૫૨૦૯ કિચન શેડના
બાંધકામ માટે રુ.૧૩૭૧૪.૪૩ લાખની રકમની
વહિવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૨૧૭ /આર,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૧/ ૭ /૨૦૧૪

**વંચાણે લીધા:-**

**(૧) ભારત સરકારના માનવ સંશાધન વિભાગના** તા.૨૪/૦૩/૨૦૧૪નો પત્ર ક્રમાંક-એફ.નં.૧૭-૧૭/૨૦૦૮/MDM-1-1(EE.5)

(૨) કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના તા. ૨૪/૦૪/૨૦૧૪ ના પત્ર ક્રમાંક:મભય/અમલ/કિચનશેડ/૧૪-૧૫/૩૫૮૯ અને તા. ૧૭/૦૭/૨૦૧૪ ના પત્ર ક્રમાંક:મભય/અમલ/કિચનશેડ/૧૪-૧૫/૬૫૮૯

**ઠ રા વ-**

ભારત સરકાર તરફથી રાજયમાં આવેલ પ્રથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સંદર્ભ-(૧)ના પત્રથી ૫૨૦૯ કિચન શેડના બાંધકામ માટે ભારત સરકારના ૭૫ % હિસ્સા મુજબ રુ.૯૪૧૫.૭૨ લાખની ફાળવવામાં આવેલ છે. કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના સંદર્ભ-(૨) નાપત્રથી સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ૫૨૦૯ કિચન શેડના બાંધકામ માટે ભારત સરકારના ૭૫ % હિસ્સા મુજબ રુ.૯૪૧૫.૭૨ (C S S ) લાખની અને રાજ્ય સરકારના ૨૫ % હિસ્સા પેટે રુ.૩૧૩૮.૫૭ + રુ. ૧૧૬૦.૧૪ લાખ મળીને કુલ રુ.૪૨૯૮.૭૧લાખની બજેટ જોગવાઇ કરવા સુચવેલ છે.આમ કુલ રુ.૧૩૭૧૪.૪૩ લાખની બજેટ જોગવાઇ કરવા કમી.મ.ભો.યો. દ્વારા દરખાસ્ત રજુ કરેલ દરખાસ્તને વહિવટી મંજુરી આપવા બાબતની અંગેની કમી.મ.ભો.યોની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨/ પુખ્ત વિચારણાને અંતે સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ૫૨૦૯ કિચન શેડના બાંધકામ માટે કુલ રુ.૧૩૭૧૪.૪૩ લાખ ( અંકે રૂપિયા તેર કરોડ સાતસો ચૌદ લાખ અને તેતાલીસ હજાર પુરા)ની બજેટ જોગવાઇ વહિવટી મંજુરી આપવા આથી નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

**શરતો-**

(૧) આ દરખાસ્તને વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

(૨) આ દરખાસ્ત અંગે વિધાનસભાની બજેટ જોગવાઇની મંજુરી મળ્યા બાદ વહીવટી વિભાગે નાણા વિભાગ ખર્ચ પ્રભાગ દ્વારા સુચવ્યા મુજબ જરૂરી ઠરાવ કરી ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પ્રયાસ બજેટ જોગવાઇ કરવાની રહેશે.

(૫)આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતોવખતની સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહિ.બાકી રહેતી બચત રકમ વર્ષ આખરે સર ન્ડર કરવાની રહેશે.

(૯) બાંધકામની યોજના માટે કમિશ્નરશ્રી, મ.ભો.યો. દ્વારા તાત્કાલિક નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની મંજુરી મેળવવાની રહેશે.

(૧૦) રજુ થયેલ અંદાજો કમિશ્નરશ્રી, મ.ભો.યો. દ્વારા સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૧૧) પ્રસ્તુત બાબતે રાજ્ય સરકારના હિસ્સા પેટે ૨૫ % લેખે રુ.૩૧૩૮.૫૭ લાખની જોગવાઇ ઉપરાંત વધારાની રકમ રુ. ૧૧૬૦.૧૪ લાખ જોગવાઇ સુચવેલ હતી તે અંગેનાં કારણો કમિશ્નરશ્રી, મ.ભો.યો.દ્વારા અલગથી વિભાગને મોકલી આપવાના રહેશે.

(૧૨) સુચિત કામો NREGA હેઠળ લેવાના થતા હોયતો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજુરો દ્વારા જ લેવામાં આવે તેની અચૂક તકેદારી રાખવાની રહેશે.

(૧૩) આ ખર્ચ તા.૧/૮/૨૦૧૪ થી કરવાનો રહેશે.

(૧૪) કિચન શેડના બાંધકામની કામગીરી ભારત સરકારના નોમ્સ અને એસ.ઓ.આર.મુજબ કામગીરી તાત્કાલિક હાથધરીને સમય-મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ સને ૨૦૧૪-૧૫ના નવી બાબતે માંગણી નં.૯,પ્લાન,મુખ્ય સદર-૨૨૩૬-પોષણ,પેટા મુખ્ય સદર-૦૨પોષણ યુકત આહાર અને પીણાનું વિતરણ,ગૌણ સદર-૧૦૨-મ.ભો.યો.,(૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન)હેઠળ ઉધારવાનું રહેશે તથા તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રી (શિ.) તા.૧૮ /૦૭/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.બી.પંડ્યા )
ઉપ સચિવ
શિક્ષણવિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેકટર૨-૧૭,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિ.),ના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (આ.બા.) ના રહસ્ય સચિવ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- બજેટ શાખા,નાણા શાખા,શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- -- નાયબ સેકશન અધિકારીશ્રી, - સિલેકટ ફાઇલ.